આર્ય જંબૂસ્વામી

લેખક : શ્રી બાપુલાલ કાળિદાસ સંઘાણી–'વીરબાલ'

ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ;
અણદીઠેલી ભોમમાં, જોબન માંડે આંખ. —મેઘાણી

"**બા,** બાપુજી, મને પૂજ્યપાદ સુધર્માસ્વામીનો અંતેવાસ સ્વીકારવાની રજા આપો !" ભારે સંકોચ સહ બોલાયેલા એ શબ્દો જાણે વિજળીશા પડચા. ઘડીભર ત્યાં સ્તબ્ધતા પ્રસરી રહી.

થોડી વારે ભાંગેલા સ્વરે બાએ કહ્યું : "શું કહે છે, બેટા, તું ?" એ શબ્દોમાં ઉપાલંભ હતો કે આઘાત તે સમજી શકાતું નહોતું.

"બા ! ભગવાનની શ્રમણ પરંપરામાં સમાઈ જવાની અનુજ્ઞા આપો મને !"

"બેટા ! તું જાણે છે કે આઠ શ્રેષ્ઠિકન્યાઓ સાથે તારાં તો લગ્ન લીધાં છે; અને વિવાહના મંડપો પણ બંધાઈ ચૂકચા છે. એ આઠ શ્રેષ્ઠીઓને હું શી રીતે મોં બતાવું ?" સ્વસ્થ થવા મથતા પિતાએ વ્યથાભર્યા અવાજે કહ્યું.

"એટલે જ કહું છું બાપુજી ! મને અત્યારે જ સંસારમાંથી વિદાય આપો. ભગવાન મહાવીરના નાનકડા સંદેશવાહક બનવા માટે મારો અણુએ અણુ તલસી રહ્યો છે." સંકોચ દૂર થતાં કુમાર જંબૂના અવાજમાં વધારે ને વધારે નિશ્ચલતા પ્રગટ થતી જતી હતી.

"વિવાહના મંડપો શું વિખેરી નાંખું ? એ શ્રેષ્ઠીઓને શું ના કહાવી દઉં ? એ આઠ કોડભરી કન્યાઓનાં હૃદય ઉપર વજ્રપાત કરું ? જંબૂ ! બેટા ! તું હવે નાનો ન કહેવાય, શ્રેષ્ઠીઓને આપેલા વચનની જવાબદારી તારે સમજવી ઘટે !" પિતાના શબ્દોની અંદર હૃદયનું રુદન ને અંતરનો આઘાત લપેટાયેલાં હતાં.

"જવાબદારીનું ભાન જાગી ઊઠયું હોવાને લીધે જ બાપુ ! હું અત્યારે આપની વિદાય યાચી રહ્યો છું. લગ્ન પછી તો મારા પગમાં સાંકળ પડી જાય. ઊડ ઊડ થવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મથતું પંખી પિંજરે પુરાઈ જાય, એ પહેલાં મારે ઊડી જવું છે, બાપુ! મને રજા આપો!

"જંબૂ! વત્સ! તારી ઉંમર હજુ નાની છે. સંસારના રાગભોગ તેં જોયા નથી. વળી લગ્નના ઉંબરે ઊભેલો તું અમારું એકનું એક સંતાન છો. તું અમારી અભિલાષાઓ કચરી ન નાખ; તારો લગ્નોત્સવ માણવા અમારું હૃદય કેવું રાચી રહ્યું છે! આવી આનંદની ઘડીએ તું અમારી આશાનો ભંગ ન કર બેટા!" માતાના બોલમાં વચ્ચે વચ્ચે હીબકાં ઉમેરાતાં જતાં હતાં.

"બા, બાપુજી! હું પેઢીએ જતો, મિત્રોમાં ગોષ્ટી કરતો, ત્યારેય મન તો સંસારના અટપટા પ્રશ્નોમાં જ અટવાયા કરતું હતું; પણ મને થતું કે, 'અલ્યા, તું તો હજી નાનું બચ્ચું છે, તારુ એમાં કામ નહિ!' પણ આજે સ્વામી સુધર્માજીની વાણીમાં આત્માના સામર્થ્યની વિવેચના સાંભળીને મારી લઘુગ્રંથી ટળી ગઈ, મારો અંતરાત્મા નિશ્ચય કરી બેઠો કે આજે બધી અનુકુળતા મળી છે તો પ્રાપ્ત અવસરને વધાવી લે! ચેતી જા! અત્યારે સંસારના પિંજરે પુરાઈ જઈશ તો આવતી કાલ તો, કોણ જાણે, કેવી ઊગશે? માટે જ કહું છું કે બા! મને વિદાય આપો! મારા હૃદયને રાગભોગ સ્પર્શતા નથી. નિર્દોષ હરણીઓ સમી એ શ્રેષ્ઠિપુત્રીઓને ફાંસલામાં નાંખવાનો વ્યર્થ પ્રયત્ન બંધ રાખો! બાપુજી, મને માફ કરો!" જંબૂકુમારના અવાજમાં જેટલી આર્દ્રતાભરી આજીજી હતી, એટલી જ ભારોભાર સ્પષ્ટતા હતી.

ઋષભદત્ત શ્રેષ્ઠી ગાદી ઉપર ઢગલો થઈને પડયા. માતા ધારિણીની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. જંબૂકુમાર સ્વસ્થ રહેવા મથતા બેસી રહ્યા.

થોડીક સ્વસ્થતા મળતાં ઋષભદત્ત શ્રેષ્ઠીએ પેઢીએથી મુખ્ય મુનીમને બોલાવી, આ પ્રશ્નનો ઉકેલ લાવવા આઠ શ્રેષ્ઠીઓને, પોતાની ગૃહિણીઓ અને પીઠીભરી કન્યાઓ સાથે, તરત જ આવી જવાની વિનતિ કરવા મોકલ્યા.

થોડીક વારમાં જ સમુદ્રપ્રિય આદિ આઠે શ્રેષ્ઠીઓ, પોતાની પત્ની અને પુત્રીઓ સાથે, ત્યાં આવી પહોંચ્યા.

*

સૌ દીવાનખાનામાં બેઠાં. વાતાવરણમાં ગમગીની અને ગાંભીર્ય ભર્યાં હતાં. સૌની દૃષ્ટિ ઋષભદત્ત શેઠ તરફ સ્થિર થઈ હતી. એમના તો હોશકોશ જ ઊડી ગયા હતા. પેઢી ઉપર કુશળતાથી ઘડીકમાં લાખોના સોદા ઉતારનારની વાણી જાણે આજે હરાઈ ગઈ હતી. ઘડીભર ત્યાં નિસ્તબ્ધતા છવાઈ ગઈ. છેવટે સમુદ્રપ્રિય શ્રેષ્ઠીએ સવિનય ઉચ્ચાર્યું: "શેઠજી! ફરમાવો! શી આજ્ઞા છે આપની?"

ઋષભદત્ત શ્રેષ્ઠીના શરીરે પરસેવો વળી ગયો. કપાળ ઉપર પ્રસ્વેદબિંદુ ઊપસી આવ્યાં; એમણે તકિયાનો આશ્રય શોધ્યો. સૌને થયું કે સદાના આનંદી શ્રેષ્ઠી આજ આવડી વિમાસણ શું અનુભવી રહ્યા છે!

વસુપાલિત શ્રેષ્ઠીએ કહ્યું: "હૃદયમાં આપ શી વ્યથા વેઠી રહ્યા છો? જે હોય તે અમને કહો અને આપના મનનો ભાર હળવો કરો! અમને આપની આજ્ઞા ફરમાવો."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"શ્રેષ્ઠીઓ! મારે આપ સહુની માફી માગવાની છે—" ઋષભદત્ત શેઠ વિશેષ બોલી શકયા નહિ. એમના ગળામાં શોષ પડી ગયો, એમની આંખમાં અશ્રુઓ ઊભરાઈ આવ્યાં.

"એવું શું બન્યું છે કે આપ આમ ભાંગી પડો છો? કહો તો કંઈ ઉપાય થાય."

"વાત એવી છે શેઠ, કે જેનો કોઈ ઉપાય મને દેખાતો નથી! આપણા સૌના ઉત્સાહ ઉપર વજ્રપ્રહાર થયો છે. મારી આશાઓ ભાંગીને ભુક્કો થઈ ગઈ છે." ઋષભદત્ત એટલું બોલીને અટકી પડયા.

"અમે આપના દુઃખના સહભાગી છીએ શ્રેષ્ઠી! જે હોય તે સ્વસ્થ થઈને કહો!" સમુદ્રપ્રિયનાં પત્ની પદ્માએ આર્જવતાભર્યા સ્વરે કહ્યું. આખા દીવાનખાનાનું વાતાવરણ વ્યગ્ર બની ગયું હતું.

"અમારો જંબૂ કહે છે કે 'મારે ભગવાનના શ્રમણ સંઘમાં સંમિલિત થઈ જવું છે; મને રજા આપો." મારે શું કરવું તે મને સૂઝતું નથી. આટલા શબ્દો માંડ માંડ બોલીને ઋષભદત્ત ઢળી પડયા. એ સાંભળીને સૌ હતચેતન બની ગયાં. સૌનાં વદન મ્લાન થયાં. શ્રેષ્ઠિપત્નીઓ હથેલીઓમાં મોં છુપાવી ડૂસકાં ભરવા લાગી.

"એવું કેવી રીતે બની શકે, શેઠજી? આવતી કાલનું તો લગ્નનું મુહૂર્ત છે. આપ જંબૂકુમારને સમજાવો." સાગરદત્ત શેઠે મૌન તોડતાં કહ્યું.

કાંઈક સ્વસ્થ થતાં ઋષભદત્ત શ્રેષ્ઠીએ કહ્યું: "શેઠજી! તમે મને શું કહો? જંબૂ તો મારું રાંકનું એકનું એક રતન છે. મેં એને સમજાવવામાં કંઈ બાકી રાખી હશે? પણ એ તો હઠ લઈને બેઠો છે. એ કહે છે: 'મારા પગમાં જવાબદારીની સાંકળ પડે એ પહેલાં મને વિદાય આપો! લગ્નનાં બંધનમાં નાંખી એ કોડભરી કન્યાઓનાં જીવન ન કરમાવો! હું હવે ઘડીભર પણ ઘરમાં રોકાવાનો નથી.' પછી નિરુપાય બની આપને નિમંત્ર્યા. એનાં લગ્ન માણવાનો અમને કેટલો બધો આનંદ હતો! પણ યૌવનને આંગણે ઊભેલી મારી દીકરીઓ જેવી આ આશાભરી કન્યાઓ સાથે હું કેવી રીતે દગો રમી શકું?"

આટલું સાંભળતાં શ્રેષ્ઠીપુત્રી સમુદ્રશ્રી દીવાનખાનામાંથી ઊઠી ગૃહઉદ્યાન તરફ ગઈ. એની પાછળ સંચની પૂતળી સમી બીજી સાતે કન્યાઓ ગઈ.

"આપે વાત તો સારી કરી શેઠ! પણ પીઠીભરી કન્યાઓનાં લગ્ન એમ કેવી રીતે અધ્ધર રાખી દેવાય? જંબૂકુમારને આજે—લગ્નને આગલે દિવસે જ—આ શું સૂઝયું છે? આ તો અમારા હૃદયને ભાંગી નાખે એવી વાત છે. આ નિરપરાધ કન્યાઓનો તો કંઈ વિચાર કરો! આપણાં ખાનદાન કુટુંબોની પ્રતિષ્ઠાનો વિચાર કરો! જંબૂકુમારને સમજાવો! એમને કહો, બેટા! આ ઘડીએ હવે છટકી ન જવાય: લગ્ન કરી લો. માતપિતાના— અભિલાષ પૂરા કરો, કોડભરી કન્યાઓના નિસાસા ન લો. પછી યથાઅવસરે ભલે ભગવાનના પંથે વિચરજો. કુમારે પણ વિચારવું ઘટે." કુબેરદત્ત શેઠ વીનવી રહ્યા.

"જંબૂકુમારને અહીં જ બોલાવીએ. તમે એને સમજાવો. હું તમારી સાથે જ છું, જાવ, ધારિણી, જંબૂને બોલાવી લાવો!" પતિની આજ્ઞા થતાં લથડતે પગલે શેઠાણી પુત્રને બોલાવવા ગયાં. દીવાનખાનામાં મર્માઘાત જેવું મૌન પ્રસરી રહ્યું.

*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૃહોદ્યાનમાં ગયેલી સમુદ્રશ્રી પાછળ આવતી સાત સખીઓને નીરખી રહી. યૌવનની ઉષા ઊગતાં ખીલી રહેલાં પુષ્પોથી સખીઓના અંતસ્તલને સ્પર્શવા એ મથી રહી. જાણે એક જ માતાની પુત્રીઓ હોય તેમ સર્વે સાથે બેસી ગઈ. કોણ પહેલું બોલે એ જ સૌનાં મનને પ્રશ્ન થઈ પડચો. સૌથી નાનેરી જયશ્રી આછું હાસ્ય કરતી અને સૌની લાગણીને વાચા આપતી બોલી : "બહેનો, શું ગડમથલમાં પડી ગઈ છો આજે? સૌનાં અંતર ખોલી નાંખો. આપણે શું વિચારવાનું છે આજે?"

"બોલ જયશ્રી! બોલ! આજ તો તું જ આપણાં હૈયાંની વાત બોલી દે! સૌથી નાનેરી તું! તું સૌથી પ્રિય છે અમને!"

શરમ ને સંકોચથી જયશ્રી નીચે જોઈ ગઈ. એના ગૌર વદન ઉપર રતાશ ઊપસી આવી.

"તને કાંઈ શંકા છે, જયશ્રી?" કનકશ્રીએ મોં ઊંચે કરતાં કહ્યું.

"આપણા સખ્યમાં શંકા કરવાનો અપરાધ હું નહીં કરું. મને સંકોચ થાય છે કનક! પણ વડીલો સમક્ષ તો તમારે જ પ્રતિઘોષ કરવો પડશે."

"જયશ્રી! ત્યાં હું અંતરના બોલ સંભળાવીશ. અહીં તું આપણાં અંતરનાં કપાટ ખોલી દે!" સમુદ્રા બોલી.

"આપણે શું નવું કહેવાનું છે, સમુદ્રા? વ્યાપારી પિતાઓના વ્યાપારબોલ એક હોય, એમ શ્રેષ્ઠીપુત્રીઓના ગળામાં ફૂલહાર તો માત્ર જંબૂકુમારનો જ હોય! ભોગ કે યોગમાં આપણે બધી સખીઓ જંબૂકુમારની સાથે જ રહેવાની; એના પગલાંમાં જ આપણાં પગલાં પડવાનાં!" જયશ્રી ભાવોદ્રેકમાં ઉન્મત્ત બની ગઈ. એની આંખમાં તેજકણીઓ ઝગતી હતી.

"સાચું બહેની! સાચું! આપણે સખીઓ ત્યાં હોઈશું, જ્યાં જંબૂકુમાર!" જયશ્રીના હાથમાં સમુદ્રાએ પોતાનો હાથ મૂકી દીધો—જાણે એણે વચનપાલનનો કોલ આપ્યો. સર્વ સખીઓ પ્રસન્નતા અનુભવી રહી. વડીલોને જે વાત પહાડ સમી ભાર–બોજવાળી લાગતી હતી, એને આ ઊગતી કુમારિકાઓ ફૂલ જેવી હળવી માની રહી!

*

માતા ધારિણી જંબૂકુમારને લઈ ધીરે પગલે ત્યાં આવી પહોંચ્યાં. જંબૂકુમારના નમેલા મસ્તકમાં વડીલો પ્રત્યે વિનય હતો, પગમાં સ્વસ્થતા હતી, ભાવવાહી ચહેરા ઉપર નિશ્ચળતાનાં તેજ ઝળહળતાં હતાં. જંબૂકુમારે વડીલો પાસે બેઠક લીધી, તે જ પળે સમુદ્રશ્રી, પ્રશાન્ત તેજમૂર્તિઓશી સાત સખીઓ સાથે આવીને, પોતાને સ્થાને ગોઠવાઈ ગઈ. થોડી વાર ત્યાં મૌન પ્રસરી રહ્યું.

"જંબૂકુમાર!....." કુબેરદત્ત શ્રેષ્ઠીના ગળામાંથી મુશ્કેલીથી નીકળતા અવાજને અટકાવવા હેમદીવડીશો હાથ ઊંચો કરતી સમુદ્રશ્રી ઊભી થઈ ગઈ; સાથે જ સાતે સખીઓ ઊભી થઈને અંજલિ જોડી રહી. વિહ્વળ શ્રેષ્ઠીસમુદાયમાં સ્વસ્થતાથી ઓપતી સમુદ્રા આર્દ્ર સ્વરે બોલી : "વડીલો! અમો આઠે સખીઓના હૃદયબોલ આપ સાંભળી લો, પછી આપને જે નિર્ણય લેવો હોય તે સુખેથી લેશો."

"બોલ બેટા! તું જ આનો ઉકેલ કરીને અમારો હૃદયભાર ઓછો કર!" શ્રમણદત્ત શ્રેષ્ઠીએ આશાભર્યા અવાજે કહ્યું.

"બાપુ! વાગ્દાનની ઘડીથી અમારા મનોમંદિરના આસને જંબૂકુમાર બિરાજી ગયા છે. અને ચિત્તની ચોરીમાં અમે એમને વરી ચૂકી છીએ. અમારા આત્માનાં લગ્ન થઈ ચૂકયાં છે. અમે આઠે સખીઓ જંબૂકુમારને વીનવીએ છીએ કે અમારા કૌમાર્ય ઉપર સુહાગનો અભિષેક કરો! જીવનમાંગલ્યની માળા અમારા કંઠમાં આરોપો! અમે આપના પગનાં બંધન બનીશું નહિ, દીનતા દાખવીશું નહિ, આપની આજ્ઞા હશે તો અમે પણ ભગવાનના પંથે આપની સાથે વિચરીશું અને મહામના સતી ચંદનબાળાના સમુદાયમાં સમાઈ જઈશું." સમુદ્રાના અવાજમાં કંપ હતો. એનો દેહ થરથર કંપતો હતો. એને જાણે હૃદયને વાચા આપી શકે એવા શબ્દો પૂરા જડતા નહોતા.

"બેટા સમુદ્રા!" ઋષભદત્ત શ્રેષ્ઠી બોલી ઊઠયા.

"વડીલ! આપ કશું દુઃખ ન લગાડશો! અમારા હૃદયમાં કોઈ ક્ષોભ કે વિષાદ નથી; અમારા હૃદયના અણુએ અણુની એ વાચા છે." પદ્મશ્રીએ સમુદ્રાના કથનમાં પૂર્તિ કરી.

હવે કોઈને કશું બોલવાનું રહ્યું નહિ. સૌએ વિદાય લીધી ત્યારે પરણાવનારાંઓના ચહેરા વિમાસણમાં હતા; જ્યારે પરણનારાંનાં વદન ઉપર ઉલ્લાસ વિલસતો હતો.

*

વ્યથાને હૈયામાં ભંડારી દઈ શ્રેષ્ઠીઓ લગ્નની તૈયારીમાં પડી ગયા, ત્યારે રાજગૃહીમાં ચકલે ને ચૌટે વાતોના ગબારા ચડવા લાગ્યા. કોઈ કહે: "ઋષભદત્ત શેઠ ભારે જબરા; જંબૂકુમારે સંસારત્યાગની હઠ લીધી એટલે રૂપભરી કન્યાઓને સામે લાવી ઊભી રાખી દીધી. જંબૂકુમાર પીઠીભરી નવયૌવનાઓને જોઈ ગાંડો બની ગયો, દીક્ષાની વાત જ ભૂલી ગયો!" કોઈ વળી કંઈ વાતો કહેવા લાગ્યા.

પણ છેવટે લગ્નોત્સવ ઊજવવામાં આવ્યો, વરવધૂઓએ મંગલગૃહમાં પ્રવેશ કર્યો. લગ્નમાંગલ્યનાં સૂક્તો ઉચ્ચારતા પવિત્ર પુરોહિતની સાક્ષીએ જંબૂકુમારના હસ્તમાં પરમોલ્લાસથી આઠે કન્યાઓએ એકસાથે પોતાના હસ્ત સમર્પિત કરી દીધા. એમના સૌંદર્યવેરતા વદન ઉપર ત્યારે જાણે આનંદની સગો ચડતી હતી.

શ્રેષ્ઠીઆવાસના બીજે માળે સેવિકાઓએ શયનખંડને શણગારી દીધો હતો. વિશાળ ખંડમાં શાન્ત પ્રકાશ રેલાવતા દીપકો સુવાસિત દ્રવ્યોથી હવાને ભરી દેતા હતા. ગૃહ-સેવિકા નવવધૂઓને શયનગૃહમાં પ્રવેશ કરાવી ચાલી ગઈ. થોડી જ વારમાં જંબૂકુમાર આવી પહોંચ્યા. યૌવનના જળમાં લહેરાતાં કમળ પુષ્પોથી નવવધૂઓની વેણીમાંથી મહેકતી મોગરાની સુવાસ આહ્લાદ ઉપજાવતી હતી.

"બોલો સમુદ્રશ્રી! હવે તમારી શી અપેક્ષા છે?" જંબૂકુમારે સમુદ્રશ્રી તરફ દૃષ્ટિ કરતાં કહ્યું. એ દૃષ્ટિમાં પ્રેમ અને સ્વજનતા ભર્યાં હતાં.

"અમે તો અમારું હૃદય આપને સમર્પિત કરી ચૂકી છીએ." મૃદુ સ્વરે સમુદ્રશ્રી બોલી.

"એટલે?"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"સમર્પિત થયેલાં હૃદય તો આરસી જેવાં હોય છે, તેમાં તો માત્ર આપના હૃદયની પ્રતિછાયા જ પડશે!"

"મારી તો અભિલાષા છે કે પ્રાતઃકાળે ભગવાન સુધર્માસ્વામીના ચરણોમાં બેસી જાઉં!"

"આપના પગલે ચાલીને અમે પણ મહામના સતી ચંદનબાળાના સાધ્વીસંઘમાં સમાઈ જઈશું; અમારો એ પૂર્વનિર્ણય છે આર્ય!" જયશ્રીની વાચા ઊઘડી.

"જો તમારા સૌનો એ જ નિશ્ચય છે તો સમુદ્રશ્રી! આપણે સહુ હવે આરામ કરીએ. મધરાત વીતી ચૂકી છે. હમણાં પ્રભાત થઈ જશે ને પ્રસ્થાનની તૈયારી કરવાની રહેશે." જંબૂકુમારે કહ્યું.

"આજની રાત નાથ! ગુમાવવાની ન હોય. મિલનનો આ અપૂર્વ અવસર વારેવારે સાંપડવાનો નથી. આજની ઘડીને આપણે મધુરજનીમાં ફેરવી નાખીએ." સમુદ્રશ્રી સ્વસ્થતાથી બોલતી હતી.

"મધુરજની?" કનકશ્રી ચમકીને બોલી ઊઠી.

"ભડકી ના ઊઠ બહેની! સવારમાં આત્માને પંથે વિચરનારાંની મધુરજની કેવી હોય તે મારે તને સમજાવવાનું ન હોય" સમદ્રશ્રીના હોઠ પર સ્મિત છલકતું હતું.

"કહો સમુદ્રશ્રી! મધુરજની કેવી રીતે માણીશું?"

"પ્રિય! જ્ઞાનગોષ્ઠી અને ધર્મવિનોદથી અંતરને ભરી લઈએ. આત્મસાધનામાં એ ભાતું બની રહેશે. પણ મારો એક વાંધો છે દેવ!"

"કહો સમુદ્રશ્રી! જે કહેવું હોય તે મુક્ત મને."

"આપ અમને બહુમાનથી કેમ સંબોધો છો? આપના હૃદયમાં હજુ પણ શું અંતર છે?

જંબુકુમાર અંતરના એકતારા સમા એ બોલને સાંભળીને પ્રસન્નતા અનુભવી રહ્યા. સમુદ્રશ્રીને જાણે એ મૌનમાં જ આત્માની એકતાનો જવાબ મળી ગયો.

"નાથ! યૌવનના સુખને વિસારી આત્માનંદ તરફ દોરનારા ભગવાન સુધર્માસ્વામીની મંગળવાણી અમને સંભળાવો." નભસેના બોલી.

"સૂક્તો અને શબ્દો તો એનાં એ જ છે. આપ્ત પુરુષોની વાણીમાં એ સુસ્વાદ્ય બની જાય છે. સાંભળો એ વાણી—

"एगोहं नत्थि मे कोइ नाहमन्नस्स कस्सइ। एवं अदीणमणसो अप्पाणमणुसासइ ॥

एगो मे सासओ अप्पा नाणदंसणसंजुओ। सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा ॥

પુરુષ-કંઠમાંથી નીકળતાં એ સૂકતો જાણે મહાઘોષશા પડછંદા પાડી રહ્યાં.

"એ વાણી માનવીને સમજાવતી હતી: 'આત્મા પરાધીન નથી, ખંડિત નથી; એ એક સ્વયંપૂર્ણ સ્વતંત્ર એકમ છે. દીનતાને ખંખેરી નાંખીને આત્માનું રાજ્ય ચલાવો. આત્મા શાશ્વત છે. તે જ્ઞાન-દર્શનની અનુભૂતિથી ચિદ્દ્ઘન છે. વિશ્વનો રાજરાજેશ્વર છે. અન્ય સર્વે તો બાળભાવો છે; સંજોગોના મોહમાંથી–અજ્ઞાનમાંથી આવિર્ભાવ પામેલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. એને ખંખેરી નાંખો. આત્મા તો અચળ વ્યક્તિ તરીકે સ્વયંભૂ પ્રકાશી રહેશે, વય અને કાળનાં બંધન એને નડતાં નથી.' ભગવાનની આ વાણી સાંભળીને મારી લઘુતાગ્રંથિ ટળી ગઈ; ભગવાનના નાનકડા સંદેશવાહક બનવાના અભિલાષ જાગ્યા."

"સાચે જ આર્ય! આપના મુખે આ વાણી સાંભળીને અમારામાં પણ આત્મભાન પ્રગટે છે; અમ નારીજાતિના પ્રાણ જાગી ઊઠે છે; અમારી દીનતા સરી જાય છે. એ વચનોના સંદર્ભમાં આપ અમને કાંઈક નવનીત આપો, જે અમારા જીવનની મૂડી બની રહે" કનકવતી વીનવી રહી.

"કનક! દેહ ભલે સ્ત્રીનો હોય, પણ એથી આત્માને કોઈ બંધન નથી. પુરુષાત્મા સરખી જ સ્ત્રી પણ સંપૂર્ણ શક્તિ છે, આત્માની અધિષ્ઠાત્રી છે, સ્વયં પ્રકાશિત દિવ્ય જ્યોતિ છે. તે પરાધીન કે પરાશ્રિત નથી. જીવને જે સતાવે કે પરાધીન બનાવે છે તે સંસાર વ્યવહારનાં બંધન છે. જે ઘડીએ જીવ–સ્ત્રી કે પુરુષ–આ વાત સમજી લેશે ત્યારે એ વિશ્વની મહાશક્તિ બની રહેશે; પછી એને કોઈ દીનતા–હીનતા અનુભવવાની નહીં રહે. આપ્ત-પુરુષોની એ વાણીમાં મારો વિશ્વાસ છે" જંબૂકુમાર હૃદયસ્થ વાણી સંભળાવી રહ્યા.

"બસ નાથ! બસ! અમે હવે આત્મનિર્ભર બની વિચરીશું, અમારી પરમાનંદ-પ્રાપ્તિને કોઈ બાહ્ય બંધન હવે રૂંધી શકશે નહિ." આઠે નવવધૂઓનાં વદન પુલકિત બની ગયાં.

"જંબૂકુમાર! દ્વાર ખોલો" નીસરણીના દ્વાર પાસેથી અપરિચિત અવાજ આવ્યો.

"કોણ એ?"

"હું પ્રભવ ચોર; આપનાં દર્શન ઈચ્છું છું."

જંબૂકુમારે દ્વાર ખોલી નાંખ્યાં: "ભાઈ પ્રભવ! તમે?"

"જયપુર નરેશનો હું પુત્ર. પિતાની અવમાનનાથી જંગલમાં ગયો, ચોર લુંટારુ બન્યો. આપના લગ્નોત્સવે લોભાવ્યો. નિદ્રાપ્રસારણ અને તાલોદ્ઘાટિની કળાઓથી દ્વાર સમીપ આવ્યો. મધુરજનીની રાત્રીએ જ્ઞાનવિલાસ સાંભળીને હું થંભી ગયો. મારાં આંતરચક્ષુ ખૂલી ગયાં. ચોરી કરવા આવેલા મને આપે જ લૂંટી લીધો! આપ મારી સેવા સ્વીકારો. મારા શિરે આપનો પુનિત હાથ સ્થાપો!" પ્રભવ દીન બની વીનવી રહ્યો.

"પ્રભવ! તારા હૃદયમાં નવલ પ્રભાત ઊગી ચૂક્યું છે! તારું કલ્યાણ થાઓ. હું તો હમણાં જ સ્વામી સુધર્માજીના ચરણોમાં ચાલ્યો જઈશ."

"જંબૂકુમાર! જ્યાં આપ ત્યાં હું એ મારો નિર્ણય છે. હું મારા પાંચસો સાથીઓ સાથે આપનો અંતેવાસ સ્વીકારીશ." પ્રભવે જંબૂકુમારના ચરણ પકડી લીધા.

"તો ચાલો આપણે સૌ ઉદ્યાનમાં બિરાજેલા આર્ય સુધર્માસ્વામીના ચરણોમાં પહોંચી જઈએ." અને ધર્માગારમાં એક જ ધર્મનાદ ગુંજી રહ્યો:—

अरिहंते सरणं पवज्जामि ।

सिद्धे सरणं पवज्जामि ।

साहू सरणं पवज्जामि ।

केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org